વર્ષ ૨૦૨૩-૨૪માં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા જોગવાઈ થયેલ રૂ.૫૦૦૦.૦૦ લાખ નિયામકશ્રી, અ.જા.ક. પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને હવાલે કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2023/0050/J Section**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણમાં લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૯/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0050/J Section

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૩૦/૧૧/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: અજાક/મ-૧/SCW-36/૨૦૨૩-૨૪/૫૮૯૧

<u>આમુખ:</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૨૬/૦૯/૨૦૨૩ ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૩-૨૪ માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૫૦૦૦/- લાખની નવી બાબતોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૩૦/૧૧/૨૦૨૩ ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા ૨૦૨૩-૨૪ એસ.સી.ડબલ્યુ-૧૩ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા જોગવાઈ થયેલ રૂ.૫૦૦૦.૦૦/- નિયામકશ્રી, અ.જા.ક. પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને હવાલે કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, એસ.સી.ડબલ્યુ-૧૩ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના તારીખ ૨૬/૦૯/૨૦૨૩ના ઠરાવથી રૂ.૫૦૦૦.૦૦ લાખની જોગવાઈ નીચે મુજબની શરતોને આધીન નિયામકશ્રી, અ.જા.ક. પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને હવાલે મૂકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | જોગવાઈ (રૂ. લાખમાં) | હવાલે કરવાની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૨ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૨૦૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| | કુલ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |

<u>શરતો:-</u>

(૧) સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના ત્રણેય પ્રભાગોને વર્ષ ૨૦૨૨-૨૩ સુધીના હિસાબો પ્રૂફ સીસ્ટમમાં અપલોડ

કરવાના રહેશે તથા તેની જાણ વિભાગને કરવાની રહેશે.

(૩) નવી સેવાઓના સંદર્ભમાં નાણા સલાહકારશ્રી/ નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ ગ્રાન્ટ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર એ તાત્કાલિક સંબંધિત નિગમોના હવાલે મૂકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.

(૫) ઉપર્યુક્ત મંજૂર કરવામાં ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં.

(૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૭) વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ: ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-૦૪ SCW-36 (આર્થિક ઉત્કર્ષો માટે નિગમો દ્વારા લોન) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ તેમજ ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ ને સંદર્ભિત (વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૧૯/૦૧/૨૦૨૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(હેતલ ગોહેલ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

1. માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા) ના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી(આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
5. નાણા સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
6. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
8. નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
10. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
12. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
13. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
14. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)

15. પસંદગી ફાઈલ- ૨૦૨૪